નિયામકશ્રી, આદિમજૂથ હસ્તક મહેકમ
ચાલુ રાખવા બાબત...

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીજીટી-૧૦૨૦૦૩-૩૧૪-ચ.
સચિવાલય ગાંધીનગર.
તારીખઃ ૦૯/૦૪/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૭/૪/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ પીજીટી-૧૦૨૦૦૩- ૩૧૪-ચ

(૨) આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૬/૭/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક-પીજીટી-૧૦૨૦૦૩-૩૧૪-ચ

(૩) કમિશનરશ્રી આદિજાતિ વિકાસના તાઃ૨૯/૩/૨૦૧૪ના પત્રનં ટીડી/અદમ/૦૧/૧૩૫/ ભાગ ૩/૨૦૧૩-૧૪/૩૪૪.

ઠરાવઃ-

આમુખ ક્રમાંકઃ(૧) અને (૨) માં જણાવેલ તા.૧૭/૪/૨૦૧૩ અને તા.૧૬/૭/૨૦૧૩ ના ઠરાવથી ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિમાં અતિ પછાત આદિમજૂથોના લોકોના ઉત્કર્ષ માટે ૧૫ હંગામી જગ્યાઓને તા. ૨૮-૨-૨૦૧૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે, આ જગ્યાઓ વધુ સમય ચાલુ રાખવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે દર્શાવેલ જગ્યાઓને તેના નામ સામે દર્શાવેલા પગાર ધોરણોમાં તા. ૨૮-૦૨-૨૦૧૫ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧. | પ્રાયોજના અધિકારી | ૨ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦(ગ્રેડ પે ૪૬૦૦/-) |
| ૨. | વિસ્તરણ અધિકારી | ૩ | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦(ગ્રેડ પે ૨૮૦૦/-) |
| ૩. | ગ્રામ સેવક (આદિમ જૂથ) આ.વિ.પે.યો. વિસ્તાર બહાર અને વિસ્તાર | ૩ | ૧૧ | ૫૨૦૦-૨૦૨૦૦(ગ્રેડ પે ૨૪૦૦/-) |
| ૪. | નાયબ હિસાબનીશ | ૩ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦(ગ્રેડ પે ૪૨૦૦/-) |
| | | કુલ | ૧૪ | |

C:\Documents and Settings\...\COMPUTER-FA\...\Desktop\My files\...BRANCH\RESOLATION.doc

શ્રીમતીપટેલ
૨૧૨
૧૫-૪-૦૧૪

(૧) એક વર્ષથી ઉપર અને ત્રણ વર્ષથી નીચેની વર્ગ-૩ ની ગ્રામ સેવકની 01 (એક) ખાલી જગ્યાને તા. ૩૦/૦૬/૨૦૧૪ સુધીમાં ત્રણ વર્ષ પૂરા થતા હોઇ, આ જગ્યા ભરવા માટેની કાર્યવાહી સત્વરે કરવાની રહેશે. તેમજ આ જગ્યા ભરતા પહેલા નાણા વિભાગ કરકસર વિભાગની મંજૂરી મેળવી એબેયન્સમાંથી મુક્ત કરાવવાની રહેશે. **તા.30/06/૨૦૧૪** પછી આ જગ્યા આપોઆપ રદ થયેલ ગણાશે.

(૨) આ અંગેનો ખર્ચ આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિસ્તારની બહારની જગ્યાઓ માટે "માંગણી ક્રમાંક ૯૬, મુખ્ય સદરઃ ૨૨૨૫ અનુસૂચિત જાતિ, આદિજાતિ અને પછાતવર્ગોનું કલ્યાણ, ૮૦૦, ખર્ચ પેટા સદર (૪) બી.સી.કે. ૨૨૨, આદિમજુથ વિકાસ યોજનાના અમલ માટે વહીવટી તંત્ર હેઠળ" અને આદિજાતિ વિસ્તાર માટેની જગ્યાઓ માટે "માંગણી ક્રમાંકઃ ૯૬, સદરઃ ૨૨૨૫ અનુસૂચિત જાતિ, આદિજાતિ અને પછાતવર્ગોનું કલ્યાણ, (૭૯૬) આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર (૪૭) બી.સી.કે. ૨૦૦, આદિમજુથ માટેની યોજનાના અમલ માટે વહીવટી તંત્ર" હેઠળ ઉધારાવવાનો રહેશે તથા તે સદર હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા. ૩/૪/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.પી.જૈન)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના:

- અધિક મુખ્ય સચિવશ્રી (આ.વિ.વિ)ના અંગત સચિવશ્રી.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રી.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- તિજોરી અધિકારીશ્રી.........................
- નાણાં સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ.
- સિલેકટ ફાઇલ.